GJVL020044872020

| | | |
|---|---|---|
| રજૂ તારીખ | : | ૧૬/૧૦/૨૦૨૦ |
| દાખલ તારીખ | : | ૧૬/૧૦/૨૦૨૦ |
| ફેસલ તારીખ | : | ૦૩/૦૭/૨૦૨૬ |
| સમયગાળો | : | વર્ષ માસ દિવસ<br>૦૫ ૦૮ ૧૬ |

**<u>વલસાડ ના મે. ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ વલસાડ</u>**

**ક્રિમીનલ કેસ નં. ૪૦૮૬/૨૦૨૦**

**આંક – ૧૬**

**ફરીયાદી : સરકાર શ્રી**

**વિરૂધ્ધ**

**આરોપી : રફીક ખાન મોહમદ ઉમર ખાન**

**રહે.** રૂમ નં.૪, પાટલીયા ફળીયા, મહેશભાઈની ચાલ, સેલવાસ.

---

**ગુન્હો : પ્રોહી એકટ કલમ–૬૫(એ)(ઈ),૯૮(૨),૧૧૬(બી) તથા ઈ.પી.કો.કલમ–૪૬૫,૪૬૮,૪૭૧,૧૧૪ મુજબનો**

---

ફરીયાદપક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી.આઈ.કે.વ્હોરા
આરોપી તર્ફે કોઈ નથી.

---

**<u>–::જજમેન્ટ::–</u>**

**૧.** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૨૧/૦૫/૨૦૨૦ ના કલાક ૧૧/૩૦ વાગ્યે મોજે ઓઝરગામ પારસી ફળીયામાં જાહેર રોડ ઉપર તથા કોલમ નં.૧૨ માં જણાવેલ આરોપીની મદદગારીથી પોતાની માલીકીની સફેદ કલરની મારૂતી સુઝુકી સ્વીફટ ડીઝાયર કાર જેનો ચેસીસ નં.MA3CZF03SJK438758 તથા એન્જીન નં. D13A3349097 ની ઉપર ખોટી નંબર પ્લેટ નં. GJ–

15–CJ–2302 લગાડી દારૂના ગુનામાં પકડાઈ નહી જવાના હેતુથી ઈરાદાપુર્વક ઠગાઈ કરવાના હેતુથી મારૂતી સુઝુકી કાર ઉપર ખોટી નંબર પ્લેટ લગાવી તેમાં સેલવાસ ખાતેથી ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો વિદેશી દારૂની વ્હીસ્કી બીયરની બાટલીઓ નંગ –૩૧૨ જેની કિં.રૂ.૩૩,૬૦૦/– તથા મારૂતી સ્વીફ્ટ ડીઝાયર કારની કિ. રૂ. ૫,૦૦,૦૦૦/– નો મુદ્દામાલ વાહતુક કરી લઈ જઈ આરોપીએ પ્રોહી.એકટ કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), તથા ઈ.પી.કો.કલમ–૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોય તપાસ કરનાર અમલદાર ધ્રારા સદર ગુન્હાનું ચાર્જશીટ નામદાર કોર્ટમાં દાખલ કરવામાં આવેલ.

**૨**. ઉપરોકત ગુનાની ફરિયાદના સંદર્ભમાં અત્રેની અદાલત ધ્રારા આરોપીને વારંવાર પ્રોસેસ ઈશ્યુ કરવામાં આવેલ છે જે પ્રોસેસ પોલીસ આજદીન સુધી બજવી શકેલ નથી. જેથી આરોપીની ગેરહાજરીના કારણે કેસ આગળ ચાલી શકતો નથી, જેથી આરોપીની ગેરહાજરીમાં પુરાવાના રક્ષણ માટે ક્રિ.પ્રો.કોડની કલમ ૨૯૯ ઘડવામાં આવેલી છે, જેથી આરોપીની ગેરહાજરીમાં પુરાવો રેકર્ડ કરવા બાબતેની ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૯ ની જોગવાઈ પ્રમાણે આંક–૧ નીચે આરોપીની ગેરહાજરીમાં ફરીયાદ પક્ષના સાહેદોનો પુરાવો નોંધવાનો હુકમ કરવામાં આવેલ છે.

**3.** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે.

**–::::: મૌખિક પુરાવો :::::–**

| ક્રમ નંબર | સાહેદનું નામ | સાહેદ | આંક | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | કિશોરભાઈ ખુશાલભાઈ ચૌહાણ | પંચ સાહેદ | ૦૬ | હોસ્ટાઈલ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | નિતીનભાઈ દિલીપભાઈ દરજી | પંચ સાહેદ | ૦૮ | હોસ્ટાઈલ |
| ૩ | હે.કો.શક્તીસીંહ ઝાલા | ફરિયાદી | ૦૯ | ---- |
| ૪ | હે.કો. યુવરાજસીંહ જુવાનસીંહ | પોલીસ સાહેદ | ૧૨ | ---- |
| ૫ | વિજયભાઈ બચુભાઈ ગામીત | પોલીસ સાહેદ | ૧૩ | ---- |
| ૬ | જયદ્રથસીંહ ધનશ્યામસીંહ મોડ | ત.ક.અ. | ૧૪ | ---- |
| ૭ | તુષારકુમાર સી. પટેલ | ત.ક.અ. | ૧૫ | ---- |

**-::::: દસ્તાવેજી પુરાવો :::::-**

| ક્રમ નંબર | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| ૧ | પંચનામુ | ૦૭ |
| ૨ | ફરિયાદ | ૧૦ |
| ૩ | એફ.એસ.એલ. રીપોર્ટ | ૧૧ |

**૪.** આરોપી વિરુધ્ધ રેકર્ડ ઉપર આવેલ પુરાવા અંગે આરોપીનું સી.આર.પી.સી ૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોંધાવવા આરોપી હાજર રહેતા ન હોય તથા આંક-૧ લગત આરોપીની ગેરહાજરીમાં ટ્રાયલ ચલાવવાનો હુકમ થયેલ હોય આરોપીનું સી.આર.પી.સી-૩૧૩ મુજબનું નિવેદન નોંધવામાં આવેલ નથી.

**૫.** આ કામે સરકારપક્ષે વિ.એ.પી.પી.શ્રીની દલીલો સાંભળવામાં આવી.

**૬.** ઉપરોકત હકીકતે કેસના નિર્ણય સારુ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**૧.** શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાની પર રહીને એ હકીકત પુરવાર કરે છે કે આ કામના આરોપી તથા અન્ય સહ આરોપી સાથે પોતાની માલીકીની સફેદ કલરની મારૂતી સુઝુકી સ્વીફ્ટ ડીઝાયર કાર ઉપર ખોટી નંબર પ્લેટ નં. GJ-15-CJ-2302

લગાડી દારૂના ગુનામાં પકડાઈ નહી જવાના હેતુથી ઈરાદાપુર્વક ઠગાઈ કરવાના હેતુથી મારૂતી સુઝુકી કાર ઉપર ખોટી નંબર પ્લેટ લગાવી તેમાં સેલવાસ ખાતેથી ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો વિદેશી દારૂની વ્હીસ્કી બીયરની બાટલીઓ વાહતુક કરી આરોપીએ પ્રોહી.એકટ કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), તથા ઈ.પી.કો.કલમ–૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૧૪ મુજબનો ગુન્હો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

**૭.** ઉપરોકત મુદાઓના મારા તારણો નીચે મુજબ છે.

**૧.** **નકારમાં**

**૨.** આખરી હુકમ મુજબ.

## –:: નિર્ણય માટેના કારણો ::–

**મુદા નં. ૧ ની ચર્ચા :–**

૮. સૌ પ્રથમ હાલના કામે રજુ રેકર્ડ ઉપર ના પુરાવાઓ જો ધ્યાને લેવામાં આવે તો પંચ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા છે અને ફરીયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્રપણ સમર્થનકારી પુરાવો આપતાં નથી અને જણાવેલ છે કે, પોલીસ સ્ટેશનમાં તૈયાર પંચનમામાં સહિ કરેલી છે તેમજ પંચનામાં બાબતે તેઓને કોઈ જાત માહિતી નથી તેમજ તેમની હાજરીમાં કોઈ ચીજવસ્તુ કબજે કરવામાં આવેલી હોઈ તેવું બનેલુ નથી. વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતી થી ઉલટ તપાસ માં પુછી શકાય તેવો પ્રશ્નો પુછવા માટે નામદાર કોર્ટ દ્બારા ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ પરવાનગી આપેલ હોવા છતાં પણ પંચ સાહેદો ફરીયાદપક્ષના કેસની હકીકતો ને લેશમાત્રપણ સમર્થનકારી પુરાવો આપતાં નથી અને ઉલટ તપાસ કરવામાં આવેલ નથી. આમ, હાલના કામે રજુ પંચનામું પુરવાર નથી.

૮.૧ સદર કામે ફરીયાદી હે.કો.શક્તીસીંહ ઝાલા નાઓની આંક :૦૯ થી રજુ જુબાની વંચાણે લેવામાં આવે તો તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ હે.કો. યુવરાજસિંહ જુવાનસિંહ નાઓની સાથે તથા અ.હે.કો.વિજયભાઇ બચુભાઈ બ.નં–૮૭૯ નોકરી તમામ ઓપરેશનગૃપ સુરત વિભાગ, સુરત નાઓ સાથે પોલીસ મહાનિરીક્ષક સા.શ્રી સુરત વિભાગ, સુરત નાઓની સુચના અને જી.આર.જાડેજા પો.સ.ઈ.શ્રી ઓપરેશનગૃપ સુરત વિભાગ, સુરત નાઓના માર્ગદર્શન હેઠળ પ્રોહીબીશન અંગેની બંદી નેસ્ત–નાબુદ કરવા સારૂ સુરત રેન્જ વિસ્તારના વલસાડ જીલ્લામાં મોજે ને.હા.નં–૪૮ ધરમપુર ચાર રસ્તા ઓવર બ્રીજના નીચે આવી બે પંચોને બોલાવી પ્રોહી. ગુના અંગે સમજ કરી પંચોને તપાસ દરમ્યાન સાથે રહેવા સ્વખુશી બતાવતા તેઓની સાથે ઉપરોકત પોલીસ માણસો તથા પંચોના માણસો સાથે વલસાડ રૂરલ પોલીસ હદ વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં નીકળેલા હતા. દરમ્યાન ફરતા ફરતા ચીંચાઇગામમાંથી પારનદીના પુલ નજીક આવતા સામેથી એક સફેદ કલરની મારૂતી સુઝુકી સ્વીફટ ડીઝાયર કાર નંબર– GJ 15 CJ 2302 ની તેઓના ખાનગી વાહન પાસેથી પસાર થતા સદર સ્વીફટ ડીઝાયર કાર જોતા કારમાં એક ઇસમ બેસેલ હોય અને સ્વીફટ ડીઝાયર કારમાં કઇક ગુન્હાહિત ચીજવસ્તુ ભરેલ હોવાનો શક જતા સદર ડીઝાયર કારનો પીછો કરી તેને અટકાવવાની કોશીશ કરતા કાર ચાલક પુર ઝડપે હંકારી જતા સદર સ્વીફટ ડીઝાયર કારનો પીછો કરતા સ્વીફટ ડીઝાયર કાર ચાલકે પોતાના કબજાની સ્વીફટ ડીઝાયર કાર મોજે ઓઝરગામ, પારસી ફળીયાંમાં જાહેર રોડ ઉપર મુકી ભાગી ગયેલ અને પકડાયેલ નહી ત્યારબાદ પંચો સાથે સદર સ્વીફટ ડીઝાયર કારમાં તપાસ કરતા સ્વીફટ ડીઝાયર કારની પાછળની સીટ ઉપર તથા ડીક્કીમાં ખાખી પુઠાના બોક્ષો તથા પ્લાસ્ટીની થેલીઓની બેગમાં ભારતીય બનાવટનો વિદેશીદારૂનો જથ્થો ભરેલ મળી આવેલ. ત્યારબાદ તેઓ સદર જગ્યાએ જરૂરી સુવિધા ન હોય તેમજ ગ્રામ્ય વિસ્તાર હોય જેથી પંચનામાની આગળની વધુ કાર્યવાહી સારૂ પ્રોહી જથ્થો ભરેલ સ્વીફટ ડીઝાયર કાર સાથેના પોલીસ તથા પંચોના જાપ્તા સાથે રાખી વલસાડ સર્કિટ હાઉસ ખાતે લાવી પંચો રૂબરૂ સદર સ્વીફટ ડીઝાયર કાર માંથી ખાખી પુઠાના

બોક્ષો તથા પ્લાસ્ટીની થેલીઓની બેગમાં ભરેલ ભારતીય બનાવટનો વિદેશીદારૂનો જથ્થો ઉતારી બ્રાંડ વાઇઝ ગોઠવી ગણતરી કરતા ભારતીય બનાવટની વિદેશીદારૂની વ્હીસ્કી તથા ટીન બીયરની બોટલો નંગ-૩૧૨ કિ.રૂ.૩૩,૬૦૦/-નો મુદામાલ મળી આવેલ જેમાંથી એક એક વ્હીસ્કી તથા ટીન બીયરની બોટલો એફ.એસ.એલ.નમુના માટે તથા એક એક વ્હીસ્કી તથા ટીન બીયરની તેમજ ઉપરોકત પ્રોહી જથ્થાનું વહન કરી લાવવા માટે ઉપયોગમાં લીધેલ મારૂતી સુઝુકી સ્વીફટ ડીઝાયર કાર જોતા જે સફેદ કલરની અને આગળ પાછળની રજીસ્ટ્રેશન નંબર પ્લેટ ઉપર રજી.નંબર- GJ 15 CI 2302 લખેલ છે. જેનો એંજીન તથા ચેચીસ નંબર ચેક કરતા એંજીન નંબર- D1343349097 તથા ચેચીસ નંબર- MA3CZFO3S/K438758 લખેલ છે. સદર કારનો પીછો કરતી વખતે કાર ખરાબ રસ્તામાંથી પસાર થવાના કારણે કારનો પાછળનો કાચને કોઇ પદાર્થો અથવા ધાતુ વાગવાથી તુટી ગયેલ છે જે કારની આશરે કી.રૂ.૫,૦૦,૦૦૦/- ગણી લીધેલ તેમજ કારમાંથી બે રજીસ્ટ્રેશન નંબર- DN 09 Q 8726 ની પ્લેટો મળી આવેલ જેની કિ.રૂ.૦૦/00 ગણી ઉપરોકત મુદ્દામાલની બાટલીઓ, સ્વીફટ ડીઝાયર કાર તથા બે રજીસ્ટ્રેશન નંબર પ્લેટોની કિમંત મળી કુલ રૂ.૫,૩૩,૬૦૦/-નો મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરેલ અને પોતાના કબજાની મારૂતી સુઝુકી સ્વીફટ ડીઝાયર કાર નંબર- GJ 15 CI 2302 કિ.રૂ.૫,૦૦,૦૦૦/- માં ગેરકાયદેસરનો ભારતીય બનાવટની વિદેશીદારૂની વ્હીસ્કી તથા ટીન બીયરની બોટલો નંગ-૩૧૨ કિ.રૂ.૩૩,૬૦૦/- નો મુદ્દામાલ ભરી વહન કરી ચીંચાઇ પારનદીના પુલ થઇ ચીંચાઇગામ માંથી પસાર થતા ડીઝાયર કારના ચાલકને ઉભો રાખવાની કોશીશ કરતા પોલીસના માણસોને જોઇ પોતાની કાર પુર ઝડપે હંકારી લઇ જઇ મોજે ઓઝરગામ, પારસી ફળીયાંમાં જાહેર રોડ ઉપર ડીઝાયર કાર તથા તેમાં ભરેલ પ્રોહી જથ્થો તથા બે રજીસ્ટ્રેશન નંબર- DN 09 Q 8726 કિ.રૂ.00/00 મળી કુલ રૂ. ૫,૩૩,૬૦૦/- નો મુદ્દામાલ મુકી ગુન્હો કરી નાશી ગયેલ હોય. બનાવ બાબતે તેઓએ પોલીસ ફરીયાદ આપેલ જે સદર કામે આંક-૧૦ થી રજુ છે. તેમજ મુદ્દામાલ એફ.એસ. એલ. માં તપાસણી અર્થે મોકલેલ જે સદર કામે

આંક–૧૧ થી રજુ છે.

આરોપી નામદાર કોર્ટમાં હાજર રહેતા ન હોય આરોપી સામે ક્રી.પ્રો.કોડની ૨૯૯ મુજબ હુકમ થયેલ હોવાથી ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

૮.૨ ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી પોલીસ સાહેદ હે.કો. યુવરાજસિંહ જુવાનસિંહ નાઓની આંક :૧૨ થી રજુ જુબાની વંચાણે લેવામાં આવે તો તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તથા સાથેના પોલીસ કર્મચારીઓ સાથે પોલીસ મહાનિરીક્ષક સા.શ્રી સુરત વિભાગ, સુરત નાઓની સુચના અને જી.આર.જાડેજા પો.સ.ઈ.શ્રી ઓપરેશનગૃપ સુરત વિભાગ, સુરત નાઓના માર્ગદર્શન હેઠળ પ્રોહીબીશન અંગેની બંદી નેસ્ત–નાબુદ કરવા સારૂ સુરત રેન્જ વિસ્તારના વલસાડ જીલ્લામાં મોજે ને.હા.નં–૪૮ ધરમપુર ચાર રસ્તા ઓવર બ્રીજના નીચે આવી આપે બે પંચોના માણસો બોલાવી પંચોને પ્રોહી ગુન્હા અંગેના કેસો શોધી કાઢવા અંગે સમજ કરી કઇક ગુન્હાહિત ચીજવસ્તુ મળી આવ્યેથી પંચમાં સાથે રહેવા સમજ કરતા પંચોએ સ્વખુશી બતાવતા આપની સાથે અમો ઉપરોકત પોલીસ માણસો તથા પંચોના માણસો સાથે વલસાડ રૂરલ પોલીસ હદ વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં નીકળેલા હતા. દરમ્યાન ફરતા ફરતા ચીંચાઇગામમાંથી પારનદીના પુલ નજીક આવતા સામેથી એક સફેદ કલરની મારૂતી સુઝુકી સ્વીફ્ટ ડીઝાયર કાર નંબર– GJ 15 CJ 2302 ની અમારા ખાનગી વાહન પાસેથી પસાર થતા સદર સ્વીફ્ટ ડીઝાયર કાર જોતા કારમાં એક ઇસમ બેસેલ હોય અને સ્વીફ્ટ ડીઝાયર કારમાં કઇક ગુન્હાહિત ચીજવસ્તુ ભરેલ હોવાનો શક જતા સદર ડીઝાયર કારનો પીછો કરી અટકાવવાની કોશીશ કરતા કાર ચાલક પુર ઝડપે હંકારી જતા સદર સ્વીફ્ટ ડીઝાયર કારનો પીછો કરતા સ્વીફ્ટ ડીઝાયર કાર ચાલકે પોતાના કબજાની સ્વીફ્ટ ડીઝાયર કાર મોજે ઓઝરગામ, પારસી ફળીયાંમાં જાહેર રોડ ઉપર મુકી ભાગી ગયેલ અને પકડાયેલ નહી ત્યારબાદ પંચો સાથે સદર સ્વીફ્ટ ડીઝાયર કારમાં તપાસ

કરતા સ્વીફટ ડીઝાયર કારની પાછળની સીટ ઉપર તથા ડીક્કીમાં ખાખી પુઠાના બોક્ષો તથા પ્લાસ્ટીની થેલીઓની બેગમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરેલ મળી આવેલ. ત્યારબાદ સદર જગ્યાએ જરૂરી સુવિધા ન હોય તેમજ ગ્રામ્ય વિસ્તાર હોય જેથી પંચનામાની આગળની વધુ કાર્યવાહી સારૂ પ્રોહી જથ્થો ભરેલ સ્વીફટ ડીઝાયર કાર સાથેના પોલીસ તથા પંચોના જાપ્તા સાથે રાખી વલસાડ સર્કિટ હાઉસ ખાતે લાવી પંચો રૂબરૂ સદર સ્વીફટ ડીઝાયર કાર માંથી ખાખી પુઠાના બોક્ષો તથા પ્લાસ્ટીની થેલીઓની બેગમાં ભરેલ ભારતીય બનાવટનો વિદેશીદારૂનો જથ્થો ઉતારી બ્રાંડ વાઇઝ ગોઠવી ગણતરી કરતા ભારતીય બનાવટની વિદેશીદારૂની વ્હીસ્કી તથા ટીન બીયરની બોટલો નંગ–૩૧૨ કિ.રૂ.૩૩,૬૦૦/–નો મુદામાલ મળી આવેલ જેમાંથી એક એક વ્હીસ્કી તથા ટીન બીયરની બોટલો એફ.એસ.એલ.નમુના માટે તથા એક એક વ્હીસ્કી તથા ટીન બીયરની તેમજ ઉપરોકત પ્રોહી જથ્થાનું વહન કરી લાવવા માટે ઉપયોગમાં લીધેલ મારૂતી સુઝુકી સ્વીફટ ડીઝાયર કાર જોતા જે સફેદ કલરની અને આગળ પાછળની રજીસ્ટ્રેશન નંબર પ્લેટ ઉપર રજી.નંબર– GJ 15 CI 2302 લખેલ છે. જેનો એંજીન તથા ચેચીસ નંબર ચેક કરતા એંજીન નંબર– D1343349097 તથા ચેચીસ નંબર– MA3CZFO3S/K438758 લખેલ છે. સદર કારનો પીછો કરતી વખતે કાર ખરાબ રસ્તામાંથી પસાર થવાના કારણે કારનો પાછળનો કાચને કોઇ પદાર્થો અથવા ધાતુ વાગવાથી તુટી ગયેલ છે જે કારની આશરે કી.રૂ.૫,૦૦,૦૦૦/– ગણી લીધેલ તેમજ કારમાંથી બે રજીસ્ટ્રેશન નંબર– DN 09 Q 8726 ની પ્લેટો મળી આવેલ જેની કિ.રૂ.૦૦/00 ગણી ઉપરોકત મુદ્ધામાલની બાટલીઓ, સ્વીફટ ડીઝાયર કાર તથા બે રજીસ્ટ્રેશન નંબર પ્લેટોની કિમંત મળી કુલ રૂ.૫,૩૩,૬૦૦/– નો મુદ્ધામાલ તપાસ અર્થે કબજે કરેલ અને પોતાના કબજાની મારૂતી સુઝુકી સ્વીફટ ડીઝાયર કાર નંબર– GJ 15 CI 2302 કિ.રૂ.૫,૦૦,૦૦૦/– માં ગેરકાયદેસરનો ભારતીય બનાવટની વિદેશીદારૂની વ્હીસ્કી તથા ટીન બીયરની બોટલો નંગ– ૩૧૨ કિ.રૂ.૩૩,૬૦૦/– નો મુદ્ધામાલ ભરી વહન કરી ચીંચાઇ પારનદીના પુલ થઇ ચીંચાઇગામ માંથી પસાર થતા ડીઝાયર કારના ચાલકને ઉભો

રાખવાની કોશીશ કરતા પોલીસના માણસોને જોઇ પોતાની કાર પુર ઝડપે હંકારી લઇ જઇ મોજે ઓઝરગામ, પારસી ફળીયાંમાં જાહેર રોડ ઉપર ડીઝાયર કાર તથા તેમાં ભરેલ પ્રોહી જથ્થો તથા બે રજીસ્ટ્રેશન નંબર- DN 09 Q 8726 કિ.રૂ.00/00 મળી કુલ રૂ. ૫,૩૩,૬૦૦/- નો મુદ્દામાલ મુકી ગુન્હો કરી નાશી ગયેલ. બનાવ બાબતે પોલીસે તેઓનું નિવેદન લીધેલ.

આરોપી નામદાર કોર્ટમાં હાજર રહેતા ન હોય આરોપી સામે ક્રી.પ્રો.કોડની ૨૯૯ મુજબ હુકમ થયેલ હોવાથી ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

૮.૩ ત્યારબાદ ફરીયાદપક્ષ તર્ફે પોલીસ સાહેદ વિજયભાઈ બચુભાઈ ગામીત નાઓની આંક:૧૩ રજુ જુબાની વંચાણે લેવામાં આવે તો તેઓ તેમની જુબાની માં ફરીયાદીની હકીકતને વળગી રહ્યા છે અને ઉલટ તપાસમાં એ હકીકત કબુલ મંજુર રાખેલ છે કે, તેઓ તથા સાથેના પોલીસ કર્મચારીઓ સાથે પોલીસ મહાનિરીક્ષક સા.શ્રી સુરત વિભાગ, સુરત નાઓની સુચના અને જી.આર.જાડેજા પો.સ.ઈ.શ્રી ઓપરેશનગૃપ સુરત વિભાગ, સુરત નાઓના માર્ગદર્શન હેઠળ પ્રોહીબીશન અંગેની બંદી નેસ્ત-નાબુદ કરવા સારૂ સુરત રેન્જ વિસ્તારના વલસાડ જીલ્લામાં મોજે ને.હા.નં-૪૮ ધરમપુર ચાર રસ્તા ઓવર બ્રીજના નીચે આવી આપે બે પંચોના માણસોને બોલાવી પંચોને પ્રોહી ગુન્હા અંગેના કેસો શોધી કાઢવા અંગે સમજ કરી કઇક ગુન્હાહિત ચીજવસ્તુ મળી આવ્યેથી પંચમાં સાથે રહેવા સમજ કરતા પંચોએ સ્વખુશી બતાવતા આપની સાથે તેઓ ઉપરોકત પોલીસ માણસો તથા પંચોના માણસો સાથે વલસાડ રૂરલ પોલીસ હદ વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં નીકળેલા હતા. દરમ્યાન ફરતા ફરતા ચીંચાઇગામમાંથી પારનદીના પુલ નજીક આવતા સામેથી એક સફેદ કલરની મારૂતી સુઝુકી સ્વીફ્ટ ડીઝાયર કાર નંબર- GJ 15 CJ 2302 ની અમારા ખાનગી વાહન પાસેથી પસાર થતા સદર સ્વીફ્ટ ડીઝાયર કાર જોતા કારમાં એક ઇસમ બેસેલ હોય અને સ્વીફ્ટ ડીઝાયર કારમાં કઇક ગુન્હાહિત ચીજવસ્તુ ભરેલ હોવાનો શક જતા સદર ડીઝાયર કારનો પીછો કરી અટકાવવાની કોશીશ કરતા સ્વીફ્ટ

ડીઝાયર ચાલકે પોતાના કબજાની સ્વીફ્ટ ડીઝાયર કાર ઉભી રાખેલ નહી અને પુર ઝડપે હંકારી જતા સદર સ્વીફ્ટ ડીઝાયર કારનો પીછો કરતા સ્વીફ્ટ ડીઝાયર કાર ચાલકે પોતાના કબજાની સ્વીફ્ટ ડીઝાયર કાર મોજે ઓઝરગામ, પારસી ફળીયાંમાં જાહેર રોડ ઉપર મુકી ભાગી ગયેલ અને પકડાયેલ નહી ત્યારબાદ પંચો સાથે સદર સ્વીફ્ટ ડીઝાયર કારમાં તપાસ કરતા સ્વીફ્ટ ડીઝાયર કારની પાછળની સીટ ઉપર તથા ડીક્કીમાં ખાખી પુઠાના બોક્ષો તથા પ્લાસ્ટીની થેલીઓની બેગમાં ભારતીય બનાવટનો વિદેશીદારૂનો જથ્થો ભરેલ મળી આવેલ. ત્યારબાદ સદર જગ્યાએ જરૂરી સુવિધા ન હોય તેમજ ગ્રામ્ય વિસ્તાર હોય જેથી પંચનામાની આગળની વધુ કાર્યવાહી સારૂ પ્રોહી જથ્થો ભરેલ સ્વીફ્ટ ડીઝાયર કાર સાથેના પોલીસ તથા પંચોના જાપ્તા સાથે રાખી વલસાડ સર્કિટ હાઉસ ખાતે લાવી પંચો રૂબરૂ સદર સ્વીફ્ટ ડીઝાયર કાર માંથી ખાખી પુઠાના બોક્ષો તથા પ્લાસ્ટીની થેલીઓની બેગમાં ભરેલ ભારતીય બનાવટનો વિદેશીદારૂનો જથ્થો ઉતારી બ્રાંડ વાઇઝ ગોઠવી ગણતરી કરતા ભારતીય બનાવટની વિદેશીદારૂની વ્હીસ્કી તથા ટીન બીયરની બોટલો નંગ-૩૧૨ કિ.રૂ.૩૩,૬૦૦/-નો મુદામાલ મળી આવેલ જેમાંથી એક એક વ્હીસ્કી તથા ટીન બીયરની બોટલો એફ.એસ.એલ.નમુના માટે તથા એક એક વ્હીસ્કી તથા ટીન બીયરની તેમજ ઉપરોકત પ્રોહી જથ્થાનું વહન કરી લાવવા માટે ઉપયોગમાં લીધેલ મારૂતી સુઝુકી સ્વીફ્ટ ડીઝાયર કાર જોતા જે સફેદ કલરની અને આગળ પાછળની રજીસ્ટ્રેશન નંબર પ્લેટ ઉપર રજી.નંબર- GJ 15 CI 2302 લખેલ છે. જેનો એંજીન તથા ચેચીસ નંબર ચેક કરતા એંજીન નંબર- D1343349097 તથા ચેચીસ નંબર- MA3CZFO3S/K438758 લખેલ છે. સદર કારનો પીછો કરતી વખતે કાર ખરાબ રસ્તામાંથી પસાર થવાના કારણે કારનો પાછળનો કાચને કોઇ પદાર્થો અથવા ધાતુ વાગવાથી તુટી ગયેલ છે જે કારની આશરે કી.રૂ.૫,૦૦,૦૦૦/- ગણી લીધેલ તેમજ કારમાંથી બે રજીસ્ટ્રેશન નંબર- DN 09 Q 8726 ની પ્લેટો મળી આવેલ જેની કિ.રૂ.૦૦/00 ગણી ઉપરોકત મુદ્ધામાલની બાટલીઓ, સ્વીફ્ટ ડીઝાયર કાર તથા બે રજીસ્ટ્રેશન નંબર પ્લેટોની કિમંત મળી કુલ રૂ.૫,૩૩,૬૦૦/- નો મુદ્ધામાલ તપાસ અર્થે

કબજે કરેલ અને પોતાના કબજાની મારૂતી સુઝુકી સ્વીફ્ટ ડીઝાયર કાર નંબર– GJ 15 CI 2302 કિ.રૂ.૫,૦૦,૦૦૦/– માં ગેરકાયદેસરનો ભારતીય બનાવટની વિદેશીદારૂની વ્હીસ્કી તથા ટીન બીયરની બોટલો નંગ– ૩૧૨ કિ.રૂ.૩૩,૬૦૦/– નો મુદ્ધામાલ ભરી વહન કરી ચીંચાઇ પારનદીના પુલ થઇ ચીંચાઇગામ માંથી પસાર થતા ડીઝાયર કારના ચાલકને ઉભો રાખવાની કોશીશ કરતા પોલીસના માણસોને જોઇ પોતાની કાર પુર ઝડપે હંકારી લઇ જઇ મોજે ઓઝરગામ, પારસી ફળીયાંમાં જાહેર રોડ ઉપર ડીઝાયર કાર તથા તેમાં ભરેલ પ્રોહી જથ્થો તથા બે રજીસ્ટ્રેશન નંબર– DN 09 Q 8726 કિ.રૂ.00/00 મળી કુલ રૂ. ૫,૩૩,૬૦૦/– નો મુદ્ધામાલ મુકી ગુન્હો કરી નાશી ગયેલ. બનાવ બાબતે પોલીસે તેઓનું નિવેદન લીધેલ.

આરોપી નામદાર કોર્ટમાં હાજર રહેતા ન હોય આરોપી સામે ક્રી.પ્રો.કોડની ૨૯૯ મુજબ હુકમ થયેલ હોવાથી ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

૮.૪ ત્યારબાદ ફરીયાદપક્ષ તર્ફે ત.ક.અ. જયદ્રથસીંહ ધનશ્યામસિંહ મોડ નાઓની આંક :૧૪ થી રજુ જુબાની વંચાણે લેવામાં આવે તો તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ વર્ષ ૨૦૨૦ માં વલસાડ રૂરલ પો.સ્ટે. ખાતે તેઓની ફરજ પર હાજર હતા તે દરમ્યાન સદર ગુનો રજી. કરી ગુનાની તપાસ તેઓ તરફ ડેપ્યુટ થતા તપાસ તેઓએ સંભાળેલી તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ પ્રોહી. મુદ્ધામાલ એફ.એસ.એલ. અર્થે મોકલેલ ત્યારબાદ આરોપીની અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ.

આરોપી નામદાર કોર્ટમાં હાજર રહેતા ન હોય આરોપી સામે ક્રી.પ્રો.કોડની ૨૯૯ મુજબ હુકમ થયેલ હોવાથી ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

૮.૫ ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી ત.ક.અ. તુષારકુમાર સી.પટેલ નાઓની આંક :૧૫ થી રજુ જુબાની વંચાણે લેવામાં આવે તો તેઓ તેમની

જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ વર્ષ ૨૦૨૦ માં વલસાડ રૂરલ પો.સ્ટે. ખાતે તેઓની ફરજ પર હાજર હતા તે દરમ્યાન સદર ગુનાની આગળની તપાસ તેઓને સોંપતા તેઓએ સંભાળેલી તપાસના કામે એફ.એસ.એલ.સર્ટી. આવતા તેમના તેઓના અનુગામી ત.ક.અ. એ આપેલ કાગળોનો અભ્યાસ કરી ચાર્જશીટ સાથે રજુ કરતા ચાર્જશીટ સાથે સામેલ રાખેલ આરોપી વિરૂધ્ધ નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ

આરોપી નામદાર કોર્ટમાં હાજર રહેતા ન હોય આરોપી સામે ક્રી.પ્રો.કોડની ૨૯૯ મુજબ હુકમ થયેલ હોવાથી ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

પરંતુ આ તબક્કે કેટલીક કાયદાકીય જોગવાઈઓ ની ચર્ચા કરવી એ યોગ્ય, ઉચિત અને ન્યાયોચિત જણાઈ આવતું હોય તે નીચે મુજબ છે.

૯. **ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ-૪૬૫** વંચાણે લેવામાં આવે તો તેમાં જણાવવામાં આવેલ છે કે આરોપીએ કોઈ દસ્તાવેજ સહી કર્યો, સીલ કર્યો અથવા કરી આપ્યો અથવા કરી આપ્યો હોય તેવુ ચીન્હ કર્યુ કે દસ્તાવેજ નો કોઈ ભાગ કરી આપ્યો અને આવો દસ્તાવેજ કલમ-૪૬૪ માં દર્શાવેલ ત્રણ પૈકી કોઈ પ્રકારમાં પડતો હતો અને આવો દસ્તાવેજ આરોપીએ અપ્રમાણિક અથવા કપટપૂર્વક અથવા કલમ-૪૬૩ માં દર્શાવેલા કોઈ ઈરાદાથી કરી આપ્યો.

૯.૧ **ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ-૪૬૮** વંચાણે લેવામાં આવે તો તેમાં જણાવેલ છે કે સંડોવાયેલો દસ્તાવેજ બનાવટી હતો, આવો બનાવટી દસ્તાવેજ આરોપીએ બનાવેલો હતો,બનાવટી દસ્તાવેજ બનાવવા પાછળ આરોપી નો ઠગાઈ કરવાનો ઈરાદો હતો.

૯.૨ **ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ-૪૭૧** વંચાણે લેવામાં આવે તો તેમાં જણાવેલ છે કે સંડોવાયેલો દસ્તાવેજ બનાવટી હતો, આવો બનાવટી દસ્તાવેજ આરોપીએ કર્યો હતો, આરોપી જાણતાં હતા અથવા તેમને એવું માનવાને કારણ હતું કે આ દસ્તાવેજ બનાવટી છે, આરોપીએ આ

દસ્તાવેજ બનાવટી હોવાનું જાણવા છતાં તેનો ઉપયોગ સાચા તરીકે કર્યો, આરોપીએ આવું કૃત્ય કપટ કરવાના ઈરાદાથી અપ્રમાણિકપણે કર્યું.

**પુરાવાનું મુલ્યાંકનઃ–**

**૧૦.** હાલના ગુનાના કામે સમગ્ર પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે ફરીયાદપક્ષ તરફથી મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતાં હાલના આરોપી વિરૂધ્ધ પ્રોહી.એકટ કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(ખ), ૯૮(૨) તથા ઈ.પી.કો.કલમ–૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૧૪ મુજબનો આક્ષેપ છે. પંચ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા છે. જે સંબંધે માત્ર ફરિયાદી તથા બે સાહેદો તેમજ ત.ક.અમલદારોને નામ.કોર્ટ દ્વારા તપાસવામાં આવેલ છે જે તમામ પોલીસ સાહેદો છે. તેઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. જેમાં આ તમામ સાહેદોની જુબાની જોતા પોતાની ફરજના ભાગ રૂપે જે કાંઈ કામગીરી કરેલી તે મુજબની જુબાની આપેલ છે. વધુમાં આરોપીને વાહન ઉપર ખોટી નંબર પ્લેટ લગાડતા જોયેલા નથી તેમજ તેઓની હાજરીમાં આરોપીના પ્રત્યક્ષ કે પરોક્ષ કબજામાંથી ખોટી નંબર પ્લેટ બનાવવાનું કોઈ કાચો મુદ્દામાલ મળી આવેલ નથી. વધુમાં અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોને પણ તપાસવામાં આવેલ નથી. જેથી આરોપી ઉપર આક્ષેપિત ગુન્હાની હકીકત જોતાં તેમના ઉપર મુકવામાં આવેલ તહોમત મુજબનો કોઈ ગુન્હો કરવામાં આવેલ ન હોવાની હકીકત સ્પષ્ટપણે ફલિત થાય છે જેથી આરોપીની સંડોવણી હાલના ગુન્હાના કામે વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર માની શકાય તેમ નથી. ફરીયાદપક્ષનો એવો કોઈ કેસ પણ નથી. જેથી ઉપરોકત જણાવેલ કલમોના તત્ત્વોમાં આરોપીનો કેસ પડતો ન હોય આરોપીની સંડોવણી હાલના ગુન્હા ના કામે પ્રથમદર્શનીય રીતે માની શકાય તેમ નથી. ફરીયાદપક્ષ દ્વારા એવા કોઈ સચોટ,સંતોષકારક કે ચોક્કસ પુરાવાઓ રજુ રાખવામાં આવેલા નથી કે માત્ર અનુમાન વાળી હકીકતો ને પણ પુરવાર કરી શકે. આમ, હાલના આરોપીના પ્રત્યક્ષ કબજા ભોગવટામાંથી વિદેશી દારૂનો જથ્થો પકડાયેલ હોય કે તેવા જથ્થોનો કોઈ જગ્યાએ સંગ્રહ કરેલ હોય તેવો પણ કોઈ પુરાવો ફરિયાદપક્ષ તરફથી રજુ કરેલો નથી.

આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ તેમજ આરોપી વિરૂધ્ધ આક્ષેપાયલ તહોમત મુજબનો કેસ પુરવાર થયેલો જણાતો નથી. વધુમાં રજુ થયેલ રેકર્ડ ઉપરના પુરાવાઓથી એ હકીકત ફલિત થતી નથી કે ખોટી નંબર પ્લેટ આરોપી દ્વારા જ બનાવવામાં આવેલ હોય, તેમજ ખોટી નંબર પ્લેટ કઈ જગ્યાએ કોના દ્વારા તેમજ ક્યાં સમયગાળામાં બનાવવામાં આવેલ છે તે દિશામાં કોઈ તપાસ થયેલ નથી. તેમજ હાલના આરોપીના પ્રત્યક્ષ કબજા ભોગવટામાંથી પણ ભારતીય બનાવટનો વિદેશી દારૂનો મુદ્દામાલ મળી આવેલ નથી. તેમજ આ કામે સદર ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમાં કેસ આગળ ચલાવવાનો હુકમ કરેલ હોય તેમજ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૫૩(૬) મુજબ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુક્વાનો ચુકાદો જાહેર કરવાનો હોય તો આરોપીની હાજરીની જરૂરીયાત અનિવાર્ય ન હોવાનું જણાવેલ હોય તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે પણ આ બાબતે પરિપત્ર કરેલ હોય જેથી આ કામના આરોપીની ગેરહાજરીમાં સદર કામે ચુકાદો જાહેર કરવો યોગ્ય જણાતું હોય ઉપરોક્ત સમગ્ર ચર્ચા મુજબ **મુદ્દા નં.૧** નો જવાબ **નકારમાં** ઠરાવી **મુદ્દા નં.૨** અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>–:: આખરી હુકમ ::–</u>

**(૧)** આ કામના આરોપી **રફીક ખાન મોહમદ ઉમર ખાન રહે.** રૂમ નં.૪, પાટલીયા ફળીયા, મહેશભાઈની ચાલ, સેલવાસ. નાઓને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) અન્વયે પ્રોહી.એકટ કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(ખ), ૯૮(૨), તથા ઈ.પી.કો.કલમ–૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૧૪ મુજબના ગુન્હા ના કામે **નિર્દોષ** ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** મુદ્દામાલ પાવાતીમાં જણાવેલ મુદ્દામાલ વાહન અંગે અગાઉ થયેલ હુકમ કાયમ રાખવામાં આવે છે તથા મુદ્દામાલ દારૂ તેમજ વાહનની

નંબર પ્લેટનો અપીલ સમય વિત્યાબાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) હાલના કામે આરોપી વિરૂધ્ધ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૯ મુજબનો હુકમ કરી તેમની ગેરહાજરીમાં તેઓને છોડી મુક્વાનો હુકમ કરવામાં આવેલ હોય જેથી આરોપીના ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(અ) મુજબ જામીનદાર અંગે હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તા.૦૩/૦૭/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખઃ– ૦૩/૦૭/૨૦૨૬
સ્થળ – વલસાડ.
( એસ.એસ.પાનવાલા સ્ટેનો.ગ્રેડ–૨)

**(જયેશ અરૂણભાઈ દવે)**
ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ,વલસાડ.
[કોડ નં. જી.જે.–૦૦૭૧૨]